# વડોદરા મહાનગર પાલિકા

www.vmc.gov.in

## વ્યવસાય વેરો તા.૩૦/૦૯/૨૦૧૭ પહેલાં ભરવા અંગેની સૂચના

વડોદરા મહાનગર પાલિકાની હદમાં વ્યવસાય કરતાં વ્યવસાયીઓએ કે જેઓ વ્યવસાય વેરા શિડયુલ-૧ ના એન્ટ્રી ૨ થી ૧૦ માં સમાવિષ્ટ હોય તેવા વ્યવસાયીઓએ (વેતનદાર અને પગારદાર સિવાયના) રાજ્ય સરકારના નોટીફીકેશન નં.GHN(9)PFT-2008-S.2(aa)(1)-TH તારીખ ૧-૪-૨૦૦૮ થી સુપ્રત કરેલ સત્તાઓ અનુસાર ૨૦૧૭-૧૮ ની સાલ માટે ભરવા પાત્ર વ્યવસાય વેરો ભરવાની છેલ્લી તારીખ ૩૦-૯-૧૭ ના રોજ પુરી થાય છે.

સબબ, તમામ વ્યવસાયીઓને જણાવવાનું કે, તેઓને ભરવાનો થતો વ્યવસાય વેરો **તા. ૩૦-૯-૧૭** સુધીમાં જે તે વિસ્તારની વહીવટી વોર્ડ કચેરીમાં કચેરીના સમય દરમ્યાન સવારના ૯-૩૦ થી ૧-૦૦ તથા ૧-૩૦ થી ૩-૦૦ સુધીમાં ભરપાઇ કરી સહકાર આપવા વિનંતી કરવામાં આવે છે. **મુદતમાં જો વ્યવસાય વેરાના નાણાં જમા કરાવવામાં નહિં આવે તો બાકી પડતાં વ્યવસાય વેરાના નાણાં ૧૮% વ્યાજ તેમજ દંડાનાત્મક કાર્યવાહી સહ વસુલ કરવા મહેસુલી રાહે પગલાં ભરવામાં આવશે.**

**વધુમાં જે કરદાતાઓ વ્યવસાય વેરાને પાત્ર થતા હોય પરંતુ તેઓએ વ્યવસાય વેરો ભરવા માટે હજુ સુધી રજીસ્ટ્રેશન કરાવેલ ન હોય અને વ્યવસાય વેરો ભરેલ ન હોય તેવા કરદાતાઓએ જયારથી વ્યવસાય વેરો ભરવાને પાત્ર થતા હોય ત્યારથી દંડ તથા વ્યાજ સાથે વ્યવસાય વેરો ભરવા વડોદરા મહાનગર સેવા સદનની સંબંધિત વોર્ડ કચેરીમાંથી અરજી પત્રક મેળવી, અરજી પત્રક ભરી આપી ભરવાપાત્ર થતી રકમ સંબંધિત વોર્ડ કચેરીમાં જમા કરાવી દેવા વિનંતી કરવામાં આવે છે.**

પી.આર.ઓ. નં./૫૭૫/૨૦૧૭-૧૮ મ્યુનિસિપલ કમિશનર